## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... ચ્હા વાળો છું... નીચોવું નહી ને તો... ચાલે એમ જ નથી... શું સમજ્યા...!

# નગરપાલિકા સામે બેસી કર્મચારીઓ પોતાના પડતર પ્રશ્નો અંગે હડતાળ પર

ગાંધીનગર, તા. ૧૧

અશોક રાઠોડ પ્રદેશ પ્રમુખ, અખિલ ગુજરાત નગરપાલિકા કર્મચારી મહામંડળ ગુજરાત રાજ્ય દ્વારા નગરપાલિકાઓના કર્મચારીઓને સાતમાં પગાર ધોરણના લાભો આપવા, વર્ષોથી રોજમદાર તરીકે ફરજ બજાવતા કર્મચારીઓને મંજુર થયેલ ખાલી જગ્યાઓ પર કાયમી કરવામાં આવે તેમજ અન્ય પડતર માંગણીઓ અંગે ઘણા સમયથી રાજ્યના મુખ્યમંત્રી નાયબ મુખ્યમંત્રીને રજૂઆતો કરવામાં આવેલ અને અવારનવાર રૂબરૂ મુલાકાત લઈ રજૂઆતો કરવા છતાં માત્ર નગરપાલિકાઓના કર્મચારીઓની માંગણીઓ બાબતે કોઈજ હકારાત્મક નિરાકરણ ન લાવવામાં આવતા આજ રોજ તા. ૧૧-૧૦-૧૭થી ત્રણ દિવસ સુધી સમગ્ર રાજ્યમાં આવેલ ૧૬૨ નગરપાલિકાઓના કર્મચારીઓ નગરપાલિકા કચેરીઓ આગળ બેસી હડતાળ પર ઉતરીને સરકારની અન્યાયકારી નીતિનો વિરોધ પ્રદર્શિત કરવામાં આવેલ છે. અને મંડળની માંગણીઓ અંગે નિરાકરણ લાવવામાં આવશે નહીં તો આગામી સમયમાં જલદ કાર્યક્રમો આપવામાં આવશે અને આગામી વિધાનસભા ચૂંટણીમાં નગરપાલિકાઓના કર્મચારીઓ અને તેમના પરિવારજનો સરકાર વિરૂદ્ધમાં મતદાન કરવામાં આવશે તેવું નગરપાલિકા કર્મચારી મહામંડળના પ્રમુખ અશોક રાઠોડે જણાવ્યુ છે.

# વોર્ડ ૪ અને ૫ માટે સેવાસેતુ કાર્યક્રમ શુક્રવારે યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર મહાનગરપાલિકાનો સેવાસેતુ કાર્યક્રમ વોર્ડ નં. ૪ અને ૫ માટેનો શુક્રવારના રોજ યોજાશે.

મહાત્મા વિદ્યામંદિર સે. ૧૬ ખાતે યોજાનાર આ સેવાસેતુ કાર્યક્રમમાં ૩૦થી વધુ વ્યક્તીગત સેવાઓને લગતી ફરિયાદોનું સ્થળ પર જ નિરાકરણ લાવવામાં આવશે.

ત્રીજા તબક્કાના અંતિમ સેવાસેતુ કાર્યક્રમમાં ગુણાસ્તાધારા, પ્રધાનમંત્રી આવાસ યોજના આઈ.સી.ડી.એસ. બાળકોના આધારકાર્ડ તેમજ શ્રવણતીર્થ યોજનાના રજીસ્ટ્રેશનની અરજીઓ પણ સ્વીકારવાનો નિર્ણય તંત્રએ લીધો છે.

આ કાર્યક્રમ દરમ્યાન ડાયાબીટીસ કેમ્પ રાખવામાં આવેલ છે જેમાં નિઃશુલ્ક તપાસ કરવામાં આવશે. તેમજ આયુર્વેદિક કેમ્પનું પણ આયોજન કરેલ છે.

આધારકાર્ડ કેમ્પનું પણ આયોજન કરવામાં આવેલ છે, કાર્યક્રમ સ્થળે નાગરિકોને આધારકાર્ડની સુવિધા ઉપલબ્ધ થશે. બેંકો દ્વારા ઈ-પેમેન્ટ, ડીઝીટલ લોકર, જનધન ખાતા ખોલવા અંગેની વિસ્તૃત જાણકારી આપવામાં આવનાર છે જેની તમામ નાગરિકો અને વેપારીવર્ગને લાભ લેવા અપીલ છે.

## દહેગામ સિસિકાએ વિશ્વ વયસ્કદિન ઉજવ્યો

દહેગામ તાલુકા સિનિયર સિટિઝન્સ કાઉન્સિલે વિશ્વભરમાં ઉજવાતા 'વિશ્વ સિનિયર સિટિઝન્સ ડે'ને જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામોમાં લકઝરી બસ દ્વારા ઉમંગને ઉત્સાહથી ઉજવ્યો હતો. સાંપા ગામની પૌરાણિક વાવની મુલાકાત લઈને ગ્રામજનોએ વાવની વાત જણાવી હતી. દિપેશ્વરી માતાજીની મુલાકાત, પાટના કુવા ગામે તુળજાભવાની માતાજીની, કંથારપુરા ગામનો હેરીટેજ વૃક્ષ 'વડ'ની છાયામાં બિરાજેલ કાલિકા માતા, ગિયોડના મા અંબાધામમાં, સાદરામાં જક્ષણી માતાના દર્શનનો લાહવો લીધો હતો.



## કચરો ઉઘરાવવાનું વાહન જ 'કચરા' સમાન

મહાત્મા ગાંધીની જન્મજયંતિથી દેશભરમાં ફરી એકવાર સ્વચ્છતા અભિયાન અંતર્ગત 'સ્વચ્છતા એજ સેવા' સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. ગાંધીનગરમાં પણ આ ઉજવણી અંતર્ગત શહેરના અનેક કાર્યક્રમો યોજાયાં પરંતુ હજુ પણ 'સ્વચ્છતા' બાબતે તંત્ર કેટલુ ગંભીર છે તે આ તસવીર પરથી જણાય છે. શહેરમાં ઘરે ઘરેથી કચરો ઉઘરાવવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે પરંતુ આ કાર્યમાં વપરાતા વાહનોમાં ભરાતો કચરો બહાર રોડ પર પડતો જતો હોય તથા કચરો એકત્ર કરવા આવતા વાહનો જ કચરા જેવી હાલતમાં હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. ગાંધીનગરના સે. ૭માં કચરો ઉઘરાવતુ આ વાહન આ પરિસ્થિતિનું 'તાજનું સાક્ષી' છે.

## કરાઈ પોલીસ એકેડેમીના બે એડીઆઈએ સ્વીમીંગ હરીફાઈમાં મેડલ મેળવ્યા

કરાઈ પોલીસ એકેડેમીના બે પોલીસ કર્મચારીઓ એડીઆઈ સોનલ



પુરોહીત (મહિલા સ્વીમીંગ ઈન્સ્ટ્રકટર) અને એડીઆઈ આર.કે. ખાંટ (સ્વીમીંગ લાઈફ ગાર્ડ) એ ખેલ મહાકુંભમાં ભાગ લઈને ત્રણ સુવર્ણ પદક અને ત્રણ કાંસ્ય ચંદ્રક મેળવી કરાઈ એકેડેમીનું નામ રોશન કર્યું છે.

# શહેનશાહ (જંયતીભાઈ)ની ખુદ્દારી : સિવિલ એન્જિનીયરીંગ કામ છોડી પાનનો ગલ્લો કર્યો

## સે. ૧૭ના અમિતાભ બચ્ચન ક્રેઝી ગલ્લાધારકની કહાની

ગાંધીનગર, તા. ૧૧

"ખૂન પસીને કી જો મિલેગી તો ખાયેંગે, નહીં તો યારો હમ ભૂખે હી સો જાયેંગે..." ગાંધીનગરના સેક્ટર-૧૭માં પાનનો ગલ્લો ચલાવતા એક 'બચ્ચનપ્રેમી' સિવિલ એન્જિનીયરને મોબાઈલ પર ફોન કરો એટલે આ અમિતાભનું અર્થપૂર્ણ ગીત કોલરટ્યુન તરીકે સંભળાય અને આ ગીતના શબ્દોની જેમ જ તેમણે જીવનમાં 'ખૂન-પસીને કી કમાઈ' જ ખાવા માટે નોકરી છોડી પાનનો ગલ્લો કર્યો છે. અમિતાભ બચ્ચન પ્રત્યેના લગાવને કારણે 'શહેનશાહ' તરીકે ઓળખાતા ૫૮ વર્ષીય ગલ્લાધારક જયંતિભાઈ પંડ્યાએ દર વર્ષની જેમ આજે પણ તેમના ફેવરિટ સુપરસ્ટાર અમિતાભ બચ્ચનના જન્મ દિવસે રૂ. ૧૨ની કિંમતના મસાલા માત્ર રૂ. ૫ માં વેચ્યાં હતા. આ તેમની અમિતાભનો બર્થડે ઉજવવાની દર વર્ષની રીત છે.

અમિતાભ બચ્ચન એટલે માત્ર ભારત જ નહીં પરંતુ વિશ્વના લગભગ તમામ દેશોમાં અગણિત ચાહકોને ઘેલું લગાડનાર સદીના મહાનાયક જેમનો જન્મદિવસ ભારતમાં ઉત્સવની જેમ ઉજવાય છે. ગાંધીનગરના સેક્ટર-૧૭માં યુનિયન બેંકની સામેના વિસ્તારમાં સોનલ પાન પાર્લરના નામથી પાનનો ગલ્લો ચલાવતા જયંતિભાઈ પંડ્યા પણ આ મહાન અદાકારના એટલા ચાહક છે કે તેમની લગનના કારણે



ગ્રાહકો તથા મિત્રો તેમને 'બચ્ચન' તથા 'શહેરનશાહ'ના નામથી જ ઓળખે છે. ધો. ૪માં હતા ત્યારે અમિતાભ બચ્ચનની પહેલી ફિલ્મ 'સાત હિન્દુસ્તાની' જોયી અને પછી બીજી ફિલ્મ 'આનંદ' જોયા બાદ ત્યારથી તેઓ બચ્ચનસાહેબના એટલા દિવાના બન્યાં કે તેમની એક પણ ફિલ્મ જોયા વગર બાકી નથી રાખી. એટલું નહી પરંતુ કેટલિક ફિલ્મો તો અનેક વખત જોઈ છે. જે શુક્રવારે બચ્ચનની ફિલ્મ રિલિઝ થાય એટલે 'ફર્સ્ટ ડે, લાસ્ટ શો'માં હંમેશા જોતાં. જયંતિભાઈ પંડ્યાએ વર્ષો સુધી એક સિવિલ એન્જિનીયરીંગનું કામ કરતી કંપનીમાં વર્ષો સુધી નોકરી કરી જે કંપનીએ ગાંધીનગરમાં કલેક્ટર ઓફિસ, વિજ્ઞાન કોલેજ, ઈજનેરી કોલેજ તથા આયુર્વેદિક કોલેજ વગેરેનું નિર્માણ કર્યુ હતુ, પરંતુ વચ્ચે થોડો સમય કંપની પાસે કામ ના હોવા તેમને છ માસ સુધી સતત પગાર આપ્યાં કર્યો જે આ બચ્ચન સાહેબના 'ખુદ્દાર' ફેનને અકળાવતો હતો. તેથી તેમણે માલિકને કહ્યું કે 'કંપનીને નવુ કામ મળે ત્યારે મને બોલાવજો ત્યાં સુધી હું નોકરી છોડી દઉ છુ." આમ વગર કામ કર્યે મહેનતાણું નહી લેવાની ખુદ્દારી બતાવી નોકરી છોડ્યા બાદ તેમણે અમુક સમય બાદ પાનનો ગલ્લો ચાલુ કર્યો જે ચાર વર્ષથી તેમની આજીવિકા બન્યા છે.

# કલોલના નાસ્મેદ ગામે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં ૪૨૭૫ અરજીઓનો હકારાત્મક નિકાલ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના નાસ્મેદ ગામ ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત કુલ- ૪,૨૭૫ અરજીઓ મળી હતી. તમામ અરજીઓનો હકારાત્મક નિકાલ થયો છે.

કલોલ તાલુકાના નાસ્મેદ ગામ ખાતે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં અઢાણા, વાયણા, મુલસણા, રાંચરડા, ઉનાલી, વાંસજડા, નાંદોલી, પલોડીયા, સાંતેજ, રકનપુર અને રણછોડપુર ગામનો સમાવેશ કરવામાં આવ્યો હતો. નાસ્મેદ ગામ ખાતે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમની મુલાકાત કલોલ પ્રાંત અધિકારી કે.વી. ભાલોડિયા, તાલુકા વિકાસ અધિકારી એ.આર. ડોડીયા અને કલોલ મામલતદાર વિષ્ણુભાઈ પટેલે વ્યવસ્થાનું બારીકાઈથી નિરીક્ષણ કર્યુ હતું. સેવાસેતુમાં આવેલા અરજદારો પાસેથી કાર્યક્રમ અંગે અભિપ્રાય મેળવ્યા હતા. જિલ્લા તલાટી મંડળના પ્રમુખ બળદેવભાઈ રબારી, કલોલ તાલુકાના રાંચરડા ગામના તલાટી અને તાલુકા તલાટી મંડળના પ્રમુખ નટુભાઈ પી. ચૌધરીએ આસપાસના ગામોમાં સેવાસેતુનો પ્રચાર-પ્રસાર કરીને વધુ ગ્રામજનો આ કાર્યક્રમનો લાભ લે તે માટે પ્રયાસ કર્યા હતો.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ગરીબ કલ્યાણ મેળા ૧૦મો તબક્કો

તા.૧૨, ૧૩ અને તા.૧૪મી ઓક્ટોબર-૨૦૧૭ના રોજ

૩૩ જિલ્લાઓમાં ૩૯ ગરીબ કલ્યાણ મેળાઓ યોજાશે








## ગરીબ કલ્યાણ મેળા-૧૦મા તબક્કાનું નક્કર આયોજન

- નવ તબક્કામાં યોજાયેલ ૧૪૫૩ ગરીબ કલ્યાણ મેળાઓ થકી ૧.૧૯ કરોડ લાભાર્થીઓને રૂા.૨૦,૨૫૬.૨૩ કરોડની સહાય : જેમાં ૧૨.૪૨ લાખ અનુસૂચિત જાતિના, ૩૦.૭૯ લાખ અનુસૂચિત જનજાતિના તથા ૫૩.૮૯ લાખ મહિલા લાભાર્થીઓનો સમાવેશ
- તા.૧૨, ૧૩ અને તા.૧૪મી ઓક્ટોબર-૨૦૧૭ના રોજ ૩૩ જિલ્લાઓમાં ૩૯ ગરીબ કલ્યાણ મેળાઓ યોજાશે
- ૧૧૬ પ્રાંત, ૨૪૭ તાલુકા અને ૧૬૨ નગરપાલિકાઓ તથા ૮ મહાનગરપાલિકાનો સમાવેશ
- ગરીબ લાભાર્થીઓને એક જ દિવસે એક જ સ્થળે યોજનાકીય લાભ આપવાનું આયોજન
- સ્વરોજગાર માટે જુદી-જુદી ટુલકીટ-સાધનોની સહાય

વચેટીયાઓનું વર્ચસ્વ થયું નાબૂદ : સહાય પહોંચી ઘરે ઘરે

છેવાડાના માનવીને ઘરઆંગણે જ સહાય આપવા માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત



શ્રી નરેન્દ્રભાઈ મોદી, પ્રધાનમંત્રી, ભારત



શ્રી વિજયભાઈ રૂપાણી, મુખ્યમંત્રી, ગુજરાત

પંચાયત, ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ